# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, તેમની સરકાર ભારત- ઇટલી વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા અને હિંદ- પ્રશાંત અને ભૂમધ્ય સમુદ્રનાં ક્ષેત્રોમાં સહકારને વેગ આપવા પ્રતિબધ્ધ છે.
- ✓ કેન્દ્ર સરકારે સંરક્ષણ ક્ષેત્રની નિકાસ આગામી પાંચ વર્ષમાં 50 હજાર કરોડ રૂપિયા સુધી લઇ જવાની નેમ રાખી છે.
- ✓ NEET-UG, 2024 માં એક હજાર 563 વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક આપવાનો નિર્ણય રદ કરાયો- આ છાત્રો 23મી જૂને પુનઃપરીક્ષા આપી શકશે.
- ✓ કુવૈત આગ દુર્ઘટનામાં ઇજા પામેલાઓને સહાય આપવાની અને મૃત્યુ પામેલાઓના પાર્થિવ દેહોને ભારત પાછા લાવવાની કામગીરીમાં સંકલન સાધવા વિદેશ રાજ્યમંત્રી કુવૈત પહોંચ્યા...
- ✓ ભારતે જમ્મુ અને કાશ્મીર સંદર્ભમાં ચીન અને પાકિસ્તાન દ્વારા ગત સાતમી જૂને કરાયેલા સંયુક્ત નિવેદનને ફગાવી દીધું છે..
- ✓ ભારતના એચ.એસ. પ્રણોય અને સમીર વર્માએ સિડનીમાં ચાલી રહેલ ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન સ્પર્ધાની પુરુષોની સિંગલ્સની જ્યારે આકાશી કશ્યપે મહિલાઓની સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV. PM-DEPARTURE STATEMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી-7ની બેઠકમાં ભાગ લેવા આજે સાંજે ઇટલીનાં અપુલિયા માટે જવા રવાના થયા છે. આ અગાઉ એક નિવેદનમાં તેમણે જણાવ્યું છે કે તેમની સરકાર ભારત-ઇટલી વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા અને ભારત-પ્રશાંત અને ભૂમધ્ય સમુદ્રનાં ક્ષેત્રોમાં સહકારને વેગ આપવા પ્રતિબધ્ધ છે.

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું કે, આઉટરીચ સેશનમાં કૃત્રિમ બુદ્ધિમત્તા, ઊર્જા, આફ્રિકા અને ભૂમધ્ય દેશો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, જી-સેવન શિખર સંમેલનમાં દક્ષિણનાં દેશો માટે મહત્વનાં મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક છે.

## NSA-PS APPOINTMENT

કેન્દ્ર સરકારે શ્રી અજીત ડોભાલની રાષ્ટ્રીય સલામતી સલાહકાર તરીકે અને શ્રી પી.કે. મિશ્રાની પ્રધાનમંત્રીના અગ્રસચિવ તરીકે ફરીથી નિયુક્તિ કરી છે. મંત્રીમંડળની નિમણૂંક સમિતીએ આજે આ નિમણૂંકોને બહાલી આપી છે.. આ નિમણૂંકો પ્રધાનમંત્રીના કાર્યકાળ સુધી અથવા હવે પછીના આદેશ સુધી અમલમાં રહેશે. શ્રી ડોભાલે આજે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહની મુલાકાત લઇને તેમની સાથે ચર્ચા વિચારણા કરી છે.

## EVE RAJNATH SINGH- CHARGE

કેન્દ્ર સરકારે સંરક્ષણ ક્ષેત્રની નિકાસ આગામી પાંચ વર્ષમાં 50 હજાર કરોડ રૂપિયા સુધી લઇ જવાની નેમ રાખી છે. ભારતે અત્યાર સુધીમાં 21 હજાર કરોડ રૂપિયાથી વધુના સંરક્ષણ ઉપકરણોની નિકાસ કરી

છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે પોતાના મંત્રાલયનો હવાલો સંભાળ્યા બાદ આ મુજબ જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું કે, મજબૂત અને આત્મનિર્ભર ભારત બનાવવા તેમજ દેશની સલામતી અને સૈનિકોના કલ્યાણને કેન્દ્ર સરકાર ટોચની અગ્રતા આપતી રહેશે.

શ્રી રાજનાથ સિંહે આજે સમીક્ષા બેઠક યોજી હતી જેમાં સંરક્ષણ મંત્રાલયની પહેલા 100 દિવસની કાર્યયોજના અંગે ચર્ચા વિચારણા કરાઇ હતી.

# REV. SC-NEET

તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાયેલી NEET-UG, 2024 માં એક હજાર 563 વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક આપવાનો નિર્ણય રદ કરાયો છે. કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બનેલી બેંચ સમક્ષ આ મુજબ જણાવ્યું છે.

કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- એનટીએના વકીલે અદાલતમાં જણાવ્યું હતું કે, ગ્રેસ માર્ક અપાયેલા તમામ વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં લેવાનારી પુનઃપરીક્ષા આપવાનો વિકલ્પ અપાશે. સરકારી વકીલની દલીલો સાંભળ્યા બાદ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોએ દોહરાવ્યું હતું કે, NEET-UG, 2024 ની પ્રવેશ અને કાઉન્સેલીંગ પ્રક્રિયા ઉપર મનાઇ હુકમ અપાશે નહીં...

દરમિયાન, કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ભારપૂર્વક જણાવ્યું છે કે, NEET-UG, 2024 પરીક્ષામાં પેપર ફૂટ્યુ હોવાના કોઇ પૂરાવા મળ્યા નથી..તેમણે આ પરીક્ષામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ પણ ફગાવી દીધો છે. આજે દિલ્હીમાં પોતાના મંત્રાલયનો હવાલો

સંભાળ્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે વિદ્યાર્થીઓને ન્યાય આપવા માટે કેન્દ્ર સરકાર પ્રતિબધ્ધ હોવાનું જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે,

## (બાઇટ- ધર્મેન્દ્ર પ્રધાન)

દરમિયાન, NEET-UG, 2024 પરીક્ષામાં જે વિદ્યાર્થીઓના ગ્રેસ માર્ક રદ કરાયા છે તેવા એક હજાર 563 વિદ્યાર્થીઓની પુનઃ પરીક્ષા 23મી જૂને યોજાશે. આ અંગેનું જાહેરનામુ આજે બહાર પાડવમાં આવ્યું છે.

# EDUCATION MIN.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે શિક્ષણનો અધિકાર મેળવવા પાત્ર વિદ્યાર્થીઓ તેમજ પ્રધાનમંત્રી પોષણ યોજનાના લાભાર્થીઓને યોજનાના લાભ સુનિશ્ચિત કરવા બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સૂચના આપી છે. આજે બહાર પડાયેલા નિવેદનમાં જણાવ્યું છે કે, સરકારી અનુદાનિત શાળાઓ અને વિશેષ શાળાઓમાં અભ્યાસ કરતા તેમજ શિક્ષણનો અધિકાર મેળવવા પાત્ર વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ગણવેશ અને પુસ્તકો અને પ્રધાનમંત્રી પોષણ યોજના હેઠળ મધ્યાહન ભોજનના લાભ મળે એ બાબત સુનિશ્ચિત કરવી જોઇએ..

# CBI--POSTAL-EXAM

કેન્દ્રીય તપાસ સંસ્થા- સીબીઆઇએ ઓડિશામાં ટપાલ વિભાગમાં ભરતી પ્રસંગે કથિત પ્રમાણપત્ર કૌભાંડના કેસમાં 67થી વધુ સ્થળોએ દરોડાની કાર્યવાહી કરી છે. સીબીઆઇ દ્વારા ઓડિશાના કલહાંડી, નૌપાડા સહિત નવ જીલ્લાના 67 સ્થળોએ તપાસ હાથ ધરાઇ હતી.

ઉલ્લેખનીય છે કે, ટપાલ વિભાગ અને અન્યોએ ગ્રામીણ ડાક સેવક પરીક્ષા 2023ના સંદર્ભમાં 63 ઉમેદવારો સામે કરાયેલી ફરિયાદના આધારે સીબીઆઇએ તપાસ હાથ ધરી હતી. ગ્રામીણ ડાક સેવકની એક હજાર 382 જગ્યાઓ માટે ઓનલાઇન પધ્ધતિથી અરજીપત્રકો ભરવાના હતા. ટપાલ વિભાગે ઓનલાઇન દ્વારા મળેલા અરજીપત્રકોની ચકાસણી હાથ ધરતાં 63 ઉમેદવારોએ દસમું ધોરણ પાસ કર્યાના પ્રમાણપત્રો કથિત રીતે બનાવટી હોવાનું જણાયું હતું. ત્યારબાદ ઓડિશાના ટપાલ વિભાગે આ અંગે વિધિવત ફરિયાદ કરી હતી.

# KV SINGH KUWAIT EARLY

કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી કિર્તીવર્ધનસિંહ આજે કુવૈતના મંગફ પહોંચી ગયા છે. તેઓ આ દુર્ઘટનામાં ઇજા પામેલાઓને સહાય આપવાની કામગીરી ઉપર દેખરેખ રાખશે તથા આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓના પાર્થિવ દેહોને ભારત પાછા લાવવામાં કુવૈતના સ્થાનિક સત્તાવાળાઓ સાથે સંકલન કરશે. કુવૈત પહોંચતા શ્રી કે.વી. સિંહે આગની દુર્ઘટનામાં ઇજા પામેલા અને કુવૈતની હોસ્પિટલમાં સારવાર લઇ રહેલ દર્દીઓને મળીને ખબર અંતર પૂછ્યા હતા..

દરમિયાન, કુવૈત ખાતેના ભારતીય રાજદૂતાવાસે જણાવ્યું છે કે, આગ દુર્ઘટનામાં ઇજા પામેલા છ ભારતીયો સલામત છે.

કેરળની સરકારે કુવૈતમાં થયેલી આગ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર દરેકના પરિવારને પાંચ લાખ રૂપિયા અને આ દુર્ઘટનામાં ઇજા પામેલાઓને દરેકને એક લાખ રૂપિયા આપવાનો નિર્ણય લીધો છે. મંત્રીમંડળની મળેલી ખાસ બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત,

કેટલાક બિનનિવાસી એવા કેરળના વેપારીઓએ પણ દુર્ઘટનાના પીડીતોને સહાય આપવાનો નિર્ણય કર્યો છે. અમારા કોચીના સંવાદદાતા જણાવે છે કે, કુવૈત ખાતેની આગ દુર્ઘટનામાં કેરળના 24 નાગરિકોના મૃત્યુ નિપજ્યાં છે અને સાત જણાને ગંભીર ઇજા થઇ છે.

# MEA - JAMMU & KASHMIR

ભારતે જમ્મુ અને કાશ્મીર સંદર્ભમાં ચીન અને પાકિસ્તાન દ્વારા ગત સાતમી જૂને કરાયેલા સંયુક્ત નિવેદનને ફગાવી દીધું છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે, જમ્મુ અને કાશ્મીર તેમજ લદ્દાખ ભારતના અવિભાજ્ય અંગ છે અને રહેશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પત્રકારો સાથેની વાતચીતમાં સ્પષ્ટતા કરી હતી કે, જમ્મુ અને કાશ્મીર બાબતે ટિપ્પણી કરવાનો અધિકાર અન્ય કોઇ દેશને નથી..

ઉલ્લેખનીય છે કે, ચીન અને પાકિસ્તાને બહાર પાડેલા સંયુક્ત નિવેદનમાં ચીન- પાકિસ્તાન આર્થિક કોરિડોરની પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટનો ઉલ્લેખ છે. આ પૈકી કેટલાક પ્રોજેક્ટ પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલા કાશ્મીરના વિસ્તારમાં હોવાથી ભારત તેનો વિરોધ કરે છે.

દરમિયાન, સલામતી દળોએ ડોડા જીલ્લામાં આતંકવાદીઓ માટેનું શોધ અભિયાન વધુ સઘન બનાવ્યું છે. આ હેતુથી વનવિસ્તારમાં સઘન શોધખોળ ચાલી રહી છે. તેમજ સલામતીની વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આતંકવાદીઓએ ગઇકાલે રાત્રે કરેલા ગોળીબારમાં ખાસ કાર્યવાહી જૂથના એક જવાનને ઇજા થઇ હતી.

# BADMINTON

ભારતના એચ.એસ. પ્રણોય અને સમીર વર્માએ સિડનીમાં ચાલી રહેલ ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન સ્પર્ધાની પુરુષોની સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

પાંચમો ક્રમાંક ધરાવતા પ્રણોયે ઇઝરાયેલના મિશા ઝિલ્બેમનને 2-0થી અને સમીર વર્માએ સિંગાપુરના લોહકિનને 2-1થી પરાજય આપીને સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આવતીકાલે રમાનારી ક્વાર્ટર ફાઇનલમાં પ્રણોયનો મુકાબલો બીજો ક્રમાંક ધરાવતા જાપાનના કોડાઇ નારોઆકો સામે જ્યારે સમીર વર્માનો મુકાબલો ચીન તાઇપેઇના ચૂન-લી-ચીન સાથે થશે.

દરમિયાન, મહિલાઓની સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં ભારતની આકાશી કશ્યપે પણ પ્રવેશ કર્યો છે. પ્રિ- ક્વાર્ટર ફાઇનલમાં આકાશીએ ઓસ્ટ્રેલિયાની કાઇ ક્વી તોહને 2-0થી પરાજય આપ્યો હતો.

# MUMBAI INTERNATIONAL FILM FESTIVAL

મુંબઇમાં 18મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનો પ્રારંભ 15મી જૂનથી થશે. મહોત્સવની શરૂઆતમાં નેશનલ જીયોગ્રાફિકની દસ્તાવેજી ફિલ્મ બિલી એન્ડ મોલીઃ એન ઓટેર લવ સ્ટોરી દર્શાવવામાં આવશે. આ ફિલ્મ 15 જૂને દિલ્હી, કોલકતા, ચેન્નાઇ અને પૂણેમાં પણ રજૂ કરાશે. આ ઉપરાંત, 17 જૂને દિલ્હીમાં રેડ કાર્પેટ કાર્યક્રમમાં ઉપરાંત 18મીએ ચેન્નાઇમાં, 19મીએ કોલકતામાં અને 20મીએ પૂણેમાં પણ આ ફિલ્મ નિહાળી શકાશે.

ચાર્લી હેમિલ્ટન જેમ્સ દ્વારા દિગ્દર્શિત બિલી એન્ડ મોલીઃ એન ઓટેર લવ સ્ટોરી 78 મિનિટની અંગ્રેજી ફિલ્મ છે. મુંબઇમાં 15મીથી શરૂ થનાર આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ 21 જૂન સુધી યોજાશે.